## મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

***15/4/1307 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ(કે.કે.પટેલ)**(ઉંઝા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન મહેસાણા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને | (૧) | કુલ– ૬૦ |
| (૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૯ ફરિયાદોમાં ૧૯ શ્રમયોગીઓને રૂ.૬,૩૯,૨૦૫/–નું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૯ ફરિયાદોમાં ૧૯ સંસ્થા વિરુદ્ધ નામદાર અદાલતમાં કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં ૦૩ સંસ્થા વિરુદ્ધ નામદાર મજુર અદાલતમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી કર્ફવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદોમાં અરજદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવે;લ છે.<br>• ૦૩ ફરિયાદોમાં બાકી પગાર માટે નામદાર મજુર અદાલતમાં રિકવરીની અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ગ્રેચ્યુઈટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, મહેસાણા સમક્ષ અરજી કરવા અરજદારને સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૬ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• કુલ– ૦૬ કારખાના વિરુદ્ધ કુલ– ૩૯ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---------------